# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૩ તા.૨૭-૯-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **શાળા સ્વચ્છતા એવોર્ડ(વર્ષ-૨૦૧૭) ના આયોજન બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંક/જીસીઈઆરટી/તાલીમ/શાળા સ્વચ્છતા/તા.૧૩-૯-૧૭**

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત - વર્ષ ૨૦૧૭ શાળા સ્વચ્છતા માટેનો એવોર્ડ આપવાની યોજના મંજૂર થયેલ હોવાથી નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

**માર્ગદર્શક સૂચનાઓ :-**

(૧) દરેક શાળાએ નોમીનેશન ફોર્મ અચૂક ભરવાનું રહેશે.

(૨) આ નોમીનેશન ફોર્મ ડાયેટના બ્લોગ dietahmedabacity.blogspot.in ઉપરથી મેળવી લેવાનું રહેશે.

(૩) દરેક શાળા દિઠ એક જ ફોર્મ માન્ય રાખવામાં આવશે. જે તા.૧૫-૧૦-૧૭ સુધીમાં નોમીનેશન ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. જેની હાર્ડકોપી ડાયટ, અમદાવાદ શહેરને જમા કરાવવાની રહેશે. જે શાળા ઓનલાઈન ફોર્મ ભરી ન શકી હોય તેવી શાળાઓને ઓફલાઈન ફોમ તા.૧૫-૧૦-૧૭ સુધીમાં ડાયટ અમદાવાદ શહેરને જમા કરાવવાનું રહેશે.

(૪) નોમીનેશન ફોર્મની સાથે જરૂરી આધારો તા.૧૫-૧૧-૧૭ સુધીમાં જમા કરાવવાની છુટ રહેશે. પરંતુ નોમીનેશન ફોર્મ તા.૧૫-૧૦-૧૭ સુધીમાં જમા કરાવવું ફરજિયાત છે.

(૫) વર્ષ-૨૦૧૬માં શાળા સ્વચ્છતા ેવોર્ડ મળેલ હોય તે શાળાઓ આગામી ૩ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

(૬) ૭૦% મેળવેલ હોય તે શાળાની આકસ્મિક મુલાકાત ચકાસણી એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે.

(૭) શાળાનાં સ્વમૂલ્યાંકન પત્રકમાં મૂકવામાં આવેલ વિકલ્પમાં પ્રથમ વિકલ્પ (a) માટે ૦, (b) માટે ૧, (c) માટે ૨, (d) માટે ૪ ગુણ નક્કી કરવામાં આવેલ છે.

(૮) ઝોન દીઠ બે શાળાઓને શાળા દીઠ રૂ.૧૦,૦૦૦/- ની રકમ એવોર્ડ તરીકે આપવામાં આવશે.

(૯) નોમીનેશન ફોર્મમાં સ્વચ્છતા સબંધી વિવિધ પાસાનાં કુલ ૧૦૦ ગુણ રાખવામાં આવેલ છે.

(૧૦) નોમીનેશન ફોર્મમાં a થી e સુધીના વિકલ્પ આપવામાં આવેલ છે. જેનું મૂલ્યાંકન ગુણાંકન ૦ થી ૫ ચડતાંક્રમમાં કરવાનું રહેશે.

(૧૧) દરેક શાળાએ સ્વચ્છતા સબંધી અહેવાલ તૈયાર કરવાનો રહેશે જેથી તેને આધારે પસંદગી સમિતિ ચકાસણી કરી મૂલ્યાંકન કરશે.

(૧૨) સમયમર્યાદા પછી કોઈ જ બાબત ધ્યાને લેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

(૧૩) ફોર્મ સબમીટ કર્યા પછી આપેલ ઈ-મેઈલ એડ્રેસ ઉપર pdf ફોર્મ મળશે. જેની પ્રિન્ટ કાઢી શાળાની ફાઈલે રાખવાની રહેશે.

**નોંધ :** **શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ-૨૦૧૭)નું જીસીઈઆરટી દ્વારા ડાયટનું આયોજન છે. તે ઉપરાંત અલગથી સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર એસ.એસ.એ. દ્વારા પણ આયોજીત છે. જે અલગ અલગ કામગીરી ધ્યાને લઈ શાળા સ્વચ્છતા એવોર્ડ(વર્ષ-૨૦૧૭)નું આયોજન દરેક શાળાએ અચૂક કરવાનું રહેશે.**

તા. ૨૭-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી